દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૨૫ એપ્રિલ, ૨૦૨૬

# ગુજરાતમાં ચૂંટણીઓના પ્રચાર પડઘમ શાંત, પરિણામ ત્રણેય પક્ષને સબક આપનારું હશે

જેને વિધાનસભાની ચૂંટણીની મિનિ આવૃત્તિ કહી શકાય તેવી ગુજરાતમાં પંચાયતો અને નગરપાલિકા, મહાપાલિકાની ચૂંટણીમાં પ્રચાર પડઘમ શાંત થઈ ગયા છે. રવિવારે 15 મહાનગર પાલિકા, 84 નગરપાલિકા અને 34 જિલ્લા તેમજ 260 તાલુકા પંચાયતોમાં મતદાન થશે. આ ચૂંટણીમાં ૧૦,૦૨૩ બેઠકો માટે ૧૯,૦૦૦થી વધુ ઉમેદવારો મેદાનમાં છે. આ ચૂંટણી જંગ જીતવા માટે ભાજપ, કોંગ્રેસ અને આપ દ્વારા ભારે જોર લગાડવામાં આવી રહ્યું છે. છેલ્લા 3 દાયકા કરતાં વધુ સમયથી ગુજરાતમાં ભાજપ સત્તામાં છે અને ગત વખતે ભાજપે તમામ મહાનગર પાલિકા, નગર પાલિકા અને મોટાભાગની પંચાયતોમાં જીત મેળવી હતી. ગત ચૂંટણીમાં આપ દ્વારા ભારે જોર લગાડવામાં આવ્યું હતું. પરંતુ સુરત સિવાય તેનો ક્યાંય મેળ પડ્યો નહોતો. કોંગ્રેસનો પણ કેટલાક ઠેકાણા સિવાય ક્યાંય વિજય થયો નહોતો. ગત વખતે તો ચૂંટણીમાં મુદ્દાઓ હતા પરંતુ આ વખતે ચૂંટણીમાં મુદ્દાઓ પણ નથી. આ વખતની ચૂંટણી ગુજરાત માટે પ્રથમ વખત એવી ચૂંટણી છે કે જેમાં ચૂંટણીનો માહોલ નિઃરસ છે.

રવિવારે મતદાન બાદ મંગળવારે મતગણતરી થશે. શુક્રવારે જાહેર પ્રચાર બંધ થઈ ગયો હોવાથી હવે ઉમેદવારોની જાહેર સભા, રેલી કે લાઉડસ્પીકર દ્વારા પ્રચાર નહીં થાય. હવે ડોર ટુ ડોર જ પ્રચાર થશે. ઉમેદવારોએ મતદારોના ઘરે વ્યક્તિગત જવું પડશે. હવેનો પ્રચાર હાઈટેક થઈ ગયો છે. સોશિયલ મીડિયાની સાથે સાથે એઆઈથી બનાવેલા ફોટા અને વિડીયોથી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આ સ્થાનિક સ્વરાજની ચૂંટણી હોવાથી મોટાભાગે સ્થાનિક મુદ્દાઓ જ હાઈલાઈટ થાય છે. ભાજપ જોકે, મોદીના નામ સાથે ચૂંટણી લડી રહ્યું છે. જ્યારે કોંગ્રેસ જુના કામો ગણાવી રહ્યું છે. આપનો સંપુર્ણ પ્રચાર ભાજપની ખામીઓ શોધવા પર છે. આપનો પ્રચાર નકારાત્મક હોવાથી તે વધુ હાઈલાઈટ થઈ રહ્યો છે. જોકે, હવે આ ચૂંટણીમાં આ પ્રચાર આપને કેટલો ફાયદો કરાવશે તે મતગણતરી બાદ જ ખબર પડશે.

આ વખતની ચૂંટણીમાં ભાજપ પોતાની જીત પર આશ્વસ્ત છે. આપનો વધુ સારા પ્રદર્શનની આશા છે. જ્યારે કોંગ્રેસને તેનું પ્રદર્શન અનેક વિસ્તારોમાં સુધરશે તેવો આશાવાદ છે. આ વખતે કોઈ નવી લહેર નહીં હોવાને કારણે મતદારોનું મન અકળ છે. મતદારો ઉમેદવારોને સામે સવાલો પુછી રહ્યા છે અને મતદારો પોતાનો રોષ પણ ઠાલવી રહ્યા છે. આ વખતે સોશિયલ મીડિયાને કારણે મતદારોનો આક્રોશ બહાર આવી રહ્યો છે અને તમામ પક્ષના ઉમેદવારોને પ્રચાર કરવામાં પરસેવો પડી રહ્યો છે. સ્થાનિક મુદ્દાઓ ઉમેદવારો પર હાવી થઈ રહ્યા છે અને તેને કારણે જ ઉમેદવારોને એવી ચિંતા આ વખતની ચૂંટણીમાં છે કે મતદારોનો રોષ તેમને નડી તો નહી જાય ને. આ વખતની ચૂંટણીમાં જે પક્ષ મેદાન મારશે તે આગામી વિધાનસભામાં પણ જીત મેળવશે તે નક્કી થઈ જશે. આગામી વિધાનસભાની ચૂંટણીમાં ત્યારે જ ફરક પડશે કે જો કોઈ નવો મુદ્દો આવ્યો હોય. તે સિવાય આ ચૂંટણી એ વિધાનસભાની ચૂંટણીનું પરિણામ અત્યારથી જ નક્કી કરી આપશે.

આ વખતની ચૂંટણીમાં આખા રાજ્યમાં ભાજપનું સંગઠન ફરી વળ્યું છે. કોંગ્રેસ પાસે સંગઠનનો અભાવ હોવાથી કોંગ્રેસને તેની ખોટ સાલી રહી છે. આપ પાસે ક્યાંક ક્યાંક જ સંગઠન છે. આપ આખા રાજ્યમાં એટલું પ્રસ્તુત પણ નથી. અનેક ઠેકાણે આપને ઉમેદવારો પણ મળ્યા નથી. આવી જગ્યાઓમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ ચૂંટણી જંગ છે. છેલ્લી ઘણી ચૂંટણીઓ ગુજરાતમાં કોંગ્રેસ હારી છે. અગાઉ 2000ની સાલમાં કોંગ્રેસનું અનેક મહાનગર પાલિકામાં શાસન આવ્યું હતું. ત્યારબાદ જિલ્લા પંચાયતોમાં કોંગ્રેસનું મજબુત શાસન રહ્યું પરંતુ ભાજપે આ સ્થિતિ બદલી નાખી છે. છેલ્લી બે ચૂંટણીથી ભાજપે પંચાયતોમાં જીત મેળવી છે. આ વખતની ચૂંટણીમાં

એવી છે કે દરેક પક્ષોને તેમાંથી બોધપાઠ મળશે. જો પક્ષો આ ચૂંટણીમાંથી શીખશે તો જ તેમનો ભવિષ્યમાં બેડો પાર થશે તે નક્કી છે.

# મહિલા અનામત બિલનો ફિયાસ્કો: મોદી સરકારની સંસદમાં પ્રથમ મોટી હાર

વર્તમાન કેન્દ્રીય શાસનના નામે તેના વહીવટ અને રાજકીય સ્વરૂપો બંનેમાં ઘણી બધી બાબતો 'પ્રથમ વાર' બનવાનું શ્રેય જાય છે, કારણ કે તેમની આ શૈલી હવે વ્યાપકપણે જાણીતી છે. શ્રેય મેળવવાના હેતુથી, મોટા ભાગની આ 'પ્રથમ' બાબતો સફળતા સાથે સંબંધિત હોય છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી શ્રેય મેળવવા માટે મોખરે રહીને નેતૃત્વ કરે છે અને તે યોગ્ય પણ છે.

પરંતુ એક અલગ પ્રકારની 'પ્રથમ' બાબત વિશે શું, જે નિષ્ફળતા છે?

લોકસભામાં બંધારણીય (131મો સુધારો) વિધેયક, 2026નું નિષ્ફળ જવું, જે ધારાસભામાં મહિલા અનામતના જટિલ મુદ્દા સાથે સંબંધિત હતું પરંતુ સમાન રીતે વિવાદાસ્પદ એવા સીમાંકનના મુદ્દા પર કેન્દ્રિત હતું, તેણે સર્વત્ર આશ્ચર્ય ફેલાવ્યું છે. કોંગ્રેસના નેતૃત્વ હેઠળનો વિપક્ષ, જે છેલ્લા એક દાયકાથી સંસદની અંદર અને બહાર સતત હારનો સામનો કરી રહ્યો હતો, તેણે અચાનક એક વિજયનો સ્વાદ ચાખ્યો છે અને તે પણ મધુર વિજય. પરંતુ મોટી વાત આ એપિસોડ પાછળની વ્યૂહરચના અને તેની અનુગામી નિષ્ફળતા વિશે છે, જેની શરૂઆત ખાસ સત્ર બોલાવવાથી થઈ હતી અને સત્તાધારી ભાજપના દૃષ્ટિકોણથી તેનો અંત ફિયાસ્કામાં થયો.

જો કે, મહિલા અનામતનો મુદ્દો તેના આ નવીનતમ સ્વરૂપમાં ચાલી રહેલી વિધાનસભાની ચૂંટણીઓમાં કેવી રીતે પ્રતિક્રિયા આપે છે તે જોવાનું હજુ બાકી છે, પરંતુ તેણે આ એપિસોડ પાછળની વ્યૂહરચનાની સચોટતા વિશે એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ઊભો કર્યો છે અને એ પણ કે, આ આખા મુદ્દાની વ્યૂહરચના કોણે ઘડી હતી? જો પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીને હટાવીને ભાજપ જીતી જાય તો પણ, વ્યક્તિએ તેના પાછળના વાસ્તવિક ઉદ્દેશ અને વ્યૂહરચનાકાર અથવા વ્યૂહરચનાકારોના જૂથનું નામ જાણવું જોઈએ. ચોક્કસપણે અને તેમની શૈલી મુજબ, મોદી શ્રેય લેવામાં મોખરે રહેશે.

જો કે, જો તમામ પ્રયત્નો છતાં ભાજપ તૃણમૂલ કોંગ્રેસને હરાવવામાં નિષ્ફળ જશે તો વાર્તા અલગ વળાંક લેશે. આવી સ્થિતિમાં, અત્યારે રાજ્યમાં ચાલી રહેલા 'મોદી વિરુદ્ધ મમતા'ના ચૂંટણી વિમર્શમાં, શક્યતા એ છે કે કાં તો કોઈ બલિનો બકરો શોધવામાં આવશે અથવા ફક્ત મૌન જાળવીને આ મુદ્દા પર પડદો પાડી દેવામાં આવશે. પ્રથમ વિકલ્પ એક શક્યતા છે પરંતુ બીજા વિકલ્પની કોઈ તક નથી કારણ કે ઉત્સાહિત વિપક્ષ, ખાસ કરીને બેનર્જી સીધા મોદીને નિશાન બનાવશે અને વિધાનસભા ચૂંટણીનાં પરિણામ ગમે તે આવે, તેઓ શાંત બેસવાના નથી.

કોંગ્રેસ અને ભાજપ વિચારધારાની દૃષ્ટિએ એકબીજાથી તદ્દન વિરોધી છે અને ઉત્તર અને દક્ષિણ ધ્રુવ જેટલા દૂર છે. આ બંને બ્રાન્ડ વચ્ચેની એકમાત્ર સમાનતા એ છે કે તેમના ટોચના નેતાઓના વ્યૂહરચનાકારો અથવા સલાહકારો કોણ છે તે વિશેનું રહસ્ય. રાહુલ ગાંધીના સલાહકારો કોણ છે કે પાર્ટીના વ્યૂહરચનાકારો કોણ છે? મોદીને કોણ સલાહ આપી રહ્યું છે? આ પ્રશ્નો દિલ્હીના રાજકીય અને સત્તાનાં વર્તુળોમાં અવારનવાર સાંભળવા મળે છે પરંતુ કોઈ ચાવી કે જવાબ મળતો નથી.

આ રહસ્ય એ ભૂતકાળના ઈન્દિરા ગાંધી યુગથી પછીના વાજપેયી શાસન સુધીના પરિવર્તન જેવું છે. તે સમગ્ર સમય દરમિયાન, ખાસ કરીને આ બે દિગ્ગજ નેતાઓના વડા પ્રધાનપદ દરમિયાન, સલાહકારો અને રાજકીય વ્યૂહરચનાકારોની હરોળ જાહેર જનતાની જાણમાં હતી. પણ અત્યારે એવું નથી. રાહુલ ગાંધીના કિસ્સામાં તો ક્યારેક ગંભીર શંકાઓ ઊભી થાય છે કે શું તેમની પાસે કોઈ સલાહકાર છે પણ ખરા?

જો કે, આ મુદ્દે બંને પક્ષો વચ્ચે એક નાનો તફાવત છે. ગૃહમંત્રી અને ભાજપના ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ અમિત શાહ જાહેરમાં મુખ્ય વ્યૂહરચનાકાર તરીકે જાણીતા છે અને તેઓ 'ચાણક્ય'નું બિરુદ માણે છે. કોંગ્રેસ પાસે તો આવો કોઈ દેખીતો નેતા પણ નથી.

સ્પષ્ટપણે, સંસદના વિશેષ સત્રના પરિણામે ધ્યાન વિપક્ષ (કોંગ્રેસ વાંચો- જો કે વડા પ્રધાનના રાષ્ટ્રજોગ સંબોધનમાં આ પાર્ટીનું વર્ચસ્વ રહ્યું હતું, જેનાથી બીજો વિવાદ ઊભો થયો હતો) પરથી હટીને ભાજપ પર અને ખાસ કરીને મોદી પર કેન્દ્રિત થયું છે કારણ કે તેઓ પોતે જ આ કાર્યક્રમના મુખ્ય સંચાલક હતા. તેના તત્કાલ અનુવર્તી તરીકે, તેમણે તેમની ચૂંટણી ઝુંબેશમાં મહિલાઓને અનામતના મુદ્દે છેતરવા બદલ વિપક્ષને ઘેરવાનો મુદ્દો ઉઠાવવામાં સમય ગુમાવ્યો નથી.

વ્યૂહરચનાકાર ગમે તે હોય, નીચેના પ્રશ્નો આગામી દિવસોમાં તેમને પજવશેઃ

* જ્યારે બજેટ સત્ર પહેલેથી જ ચાલુ હતું ત્યારે સંસદના વિશેષ સત્રની શું જરૂર હતી?

* બંધારણીય સુધારો વિધેયક લાવવાનો તર્ક શું હતો જ્યારે ભાજપના નેતૃત્વ હેઠળનું ગઠબંધન બે-તૃતીયાંશ બહુમતીથી ઘણું દૂર હતું, જે બંધારણીય સુધારો પસાર કરવા માટે પૂર્વશરત છે?

* શું વ્યૂહરચનાકારોએ કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોને ગૃહિત માની લીધા હતા કે તેઓ જેન્ડર-સેન્સિટિવ મુદ્દા પર, ખાસ

## રાજધાનીના અંતરંગ

**અનિલ આનંદ**

**એક દાયકાથી પરાજીત વિપક્ષને મળ્યો સંજીવની સમાન વિજય; ભાજપની ગણતરીમાં ક્યાં પડી ભૂલ? બહુમતી ન હોવા છતાં બંધારણીય સુધારો લાવવા પાછળનો તર્ક શું હતો? શું આ અતિ-આત્મવિશ્વાસ હતો કે ગણતરીપૂર્વકની ચાલ?**

કરીને ચૂંટણીની વચ્ચે, તેની સાથે જોડાયેલા વધુ વિવાદાસ્પદ સીમાંકનના પ્રસ્તાવને અવગણીને સુધારાની તરફેણમાં આવી જશે?

* શું તૃણમૂલ કોંગ્રેસ, ડીએમકે, શિવસેના (યુબીટી) અથવા નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર) જેવા પક્ષો સાથે કોઈ સમજૂતી કરવામાં આવી હતી જે અંતિમ ક્ષણે નિષ્ફળ ગઈ?

* વર્ષ 2023માં પહેલેથી જ પસાર થઈ ગયેલા મહિલા અનામત બિલ સાથે સીમાંકનની શરત જોડવી, એ ગણતરીમાં ભૂલ હતી કે અતિ-આત્મવિશ્વાસનો કિસ્સો હતો?

* અથવા શું તે સંઘ પરિવારમાં ઘણાની વિચારસરણી મુજબ મહિલા અનામતના મુદ્દાને વધુ રોકી રાખવાની ગણતરીપૂર્વકની ચાલ હતી, એ જાણીને કે બિલ હારી શકે છે?

* બંધારણીય સુધારો વિધેયકની હાર પછી વર્ષ 2023ના સર્વાનુમતે પસાર થયેલા મહિલા અનામત બિલને મધ્યરાત્રિએ નોટિફાય કરવાની ઉતાવળિયા પ્રતિક્રિયા કેમ આપી?

* આ બિલને લગભગ બે વર્ષ સુધી નોટિફિકેશનથી કેમ રોકી રાખવામાં આવ્યું હતું?

આ પ્રશ્નોના જવાબ આપવા એ સત્તાધારી પક્ષ અથવા તેના વ્યૂહરચનાકાર/વ્યૂહરચનાકારો માટે એસિડ ટેસ્ટ સમાન હશે કારણ કે વિભાજીત વિપક્ષને પોતાની જાતને પુનર્જીવિત કરવાની તક થાળીમાં પીરસીને આપવામાં આવી છે. પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં જીત કે હાર, આ પૃષ્ઠભૂમિમાં, ચોક્કસપણે કોંગ્રેસ અને તેના પ્રાદેશિક સાથી પક્ષોને 2029ની લોકસભા ચૂંટણી પહેલાં તેમનો ભાવિ માર્ગ નક્કી કરવા માટે એક હથિયાર પૂરું પાડશે, શરત એ છે કે તેમના નેતાઓ તેમના ફૂલેલા અહમ્‌ને કાબૂમાં રાખે અને કેન્દ્રીય શાસન તરફથી મળતી લાલચો અને ધમકીઓનો પ્રતિકાર કરે.

બંધારણીય સુધારો વિધેયકની હાર ચોક્કસપણે ભાજપના નેતૃત્વ હેઠળના ગઠબંધન અને ખાસ કરીને નરેન્દ્ર મોદી શાસન માટે નાલેશી સમાન છે. વર્ષ 2014 પછી, જ્યારે મોદીનો વિજયરથ તેના ભાથામાં વિવિધ શસ્ત્રોનો ઉપયોગ કરીને આગળ વધી રહ્યો હતો, ત્યારે કાયદાકીય લડાઈમાં હાર્યા હોય તેવી આ પ્રકારની આ પ્રથમ ઘટના છે.

ભલે તે ગણતરીમાં ભૂલ હોય કે અતિ-આત્મવિશ્વાસનો કિસ્સો હોય, આ બંને પરિબળો મોદી-શાહની જોડી માટે અજાણ્યા હતા કારણ કે આ બંધારણીય સુધારો વિધેયક પડવા સુધી તેમના તમામ મિશન છેલ્લી વિગત સુધી સંપૂર્ણ હતા. આ યોજનાની વિગતો જાણવી રસપ્રદ રહેશે અને શું તે લોકસભામાં મળેલી હારને જીતમાં બદલવાના આધાર પર હતી કે કેમ તે જોવું રહ્યું. કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોને નિશાન બનાવી રહેલા ભાજપના નેતાઓ અને મહિલા કાર્યકરોના તાત્કાલિક વિરોધ પ્રદર્શનમાં તે સ્પષ્ટ દેખાતું હતું. હકીકત એ છે કે આ ઓપરેશનમાં કોંગ્રેસ તેમનું મુખ્ય લક્ષ્ય રહ્યું છે, જે આ જીત માટે પરોક્ષ રીતે રાહુલ ગાંધીને શ્રેય આપે છે.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.*

## મનથી ન હારો

પોતાના થોડા સેવિંગ અને પપ્પા પાસેથી પૈસા લઈને રાકેશે પોતાનો એક નાનો બિઝનેસ શરૂ કર્યો. તે મહેનત કરતો પણ બિઝનેસ જોઈએ એવો જામતો ન હતો.એક દિવસ રાકેશ નિરાશ થઈને ઘરે આવ્યો. હીંચકા પર બેઠેલા દાદા તરત સમજી ગયા કે કૈંક તો વાત છે. તેમણે રાકેશને કહ્યું, ''બેટા શું થયું, કેમ આમ નિરાશ લાગે છે?''

રાકેશે કહ્યું, 'દાદા આજે બહુ મોટો ઓર્ડર મળવાનો હતો પણ છેલ્લી ઘડીએ વાત પડી ભાંગી. હવે શું કરું તે જ સમજાતું નથી.' દાદાએ કહ્યું, 'વાંધો નહિ બેટા તું હિંમત ન હાર, મનથી હાર ન માન. આજે ઓર્ડર નથી મળ્યો તો કાલે મળશે. બસ તું મહેનત ચાલુ રાખ.'' રાકેશે ખિન્ન મન સાથે કહ્યું, ''દાદા આમ જ મન મનાવવું પડે છે.''

દાદાએ કહ્યું, ''દીકરા, તને ખબર છે, હું ગામડેથી અહીં કમાવા આવ્યો ત્યારે મારી પાસે ખિસ્સામાં બે રૂપિયા જ હતા. કાપડ બજારમાં ગુણીઓ ઉપાડવાની મજૂરી કરવાથી મેં

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

શરૂઆત કરી અને ધીમે ધીમે આગળ વધી એજન્ટ બન્યો. પોતાનું કામ શરૂ કર્યું અને ઘણું કમાયો હતો.''

રાકેશને દાદાની સંઘર્ષભરી વાતોમાં રસ પડ્યો.રાકેશે પૂછ્યું, ''દાદા, આટલી પ્રગતિ કઈ રીતે કરી?'' દાદાએ હસતાં હસતાં કહ્યું, ''હિંમતથી અને મનથી ક્યારેય હાર ન સ્વીકારી ને... એમ નથી કે મને જે કર્યું તેમાં સફળતા મળી છે, હું પણ હાર્યો છું. એક વાર તારી દાદીના દાગીના ગિરવે મૂકી મોટો સોદો કર્યો હતો અને સોદો ફોક થયો. મોટું નુકસાન ગયું.પણ હું હિંમત ન હાર્યો, બમણી મહેનત કરવી શરૂ કરી.મોટા વેપારીને ત્યાં મેનેજરની નોકરી કરી, સાથે સાથે મારા ધંધાને પણ ચાલુ રાખ્યો. રાત્રે માત્ર ચાર કલાક સૂતો.પૈસા બચાવવાની શરૂઆત કરી, મોટા વેપારીને ત્યાં મને ઘણું શીખવા મળ્યું જેનો મેં મારો ધંધો વિકસાવવામાં ઉપયોગ કર્યો.''

રાકેશે પૂછ્યું, ''દાદા, વેપારી હતા તેમાંથી ફરી નોકરી કરવી પડી, તમને શરમ ન આવી?'' દાદાએ કહ્યું, ''દીકરા, જરૂરિયાત બધું જ કરાવે અને કામ કરવામાં નાનમ શાની... કોઈ પાસે હાથ લાંબો કરવા કરતાં જાત મહેનતથી જે કંઈ નાનું કામ મળે તે કરી લેવું.જો મારા અનુભવ પરથી જે શીખ્યો છું તે તને કહું છું. હંમેશા હિંમતથી આગળ વધવાનાં સપનાં જોવાં... નિષ્ફળતા મળે તો હિંમત ન હારવી અને મહેનત કરવામાં કચાશ ન રાખવી. હંમેશા નવું શીખતાં રહેવું. ક્યારેક તો તે કામ લાગશે જ, મનથી નહિ હારો તો જીવનમાં ક્યારેય નહિ હારો. મારી આ વાત ગાંઠે બાંધી લેજે.'' દાદાએ પૌત્રને પોતાના સંઘર્ષની વાત કરતાં જીવનનો પાઠ શીખવ્યો.

# કાશ્મીરમાં યાસીન મલિક એક નહીં, અનેક છે

## રાજ્યોની વણઝાર

**કૌશિક મહેતા**

**યાસીન મલિકનું નામ ભારતીય રાજકારણ અને કાશ્મીરના ઈતિહાસમાં અત્યંત વિવાદાસ્પદ રહ્યું છે**

જમ્મુ કાશ્મીરમાં ચૂંટણી થઈ, એનસી - કોંગ્રેસની સરકાર છે. આતંકી પ્રવૃત્તિ ઘટી જરૂર છે પણ આતંક નાબૂદ થયો નથી. એનું કારણ કાશ્મીરના કેટલાક નેતા પણ છે. એમાંનું એક નામ યાસીન મલિક છે અને કાશ્મીરમાં આવા નેતાઓ એક નહીં અનેક છે.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરેલા સોગંદનામામાં મોટો ખુલાસો કર્યો છે કે, કાશ્મીરી અલગતાવાદી નેતા યાસીન મલિક પાકિસ્તાનના ટોચના નેતૃત્વના સંપર્કમાં હતો અને આ સંબંધોનો ઉપયોગ તે ભારતવિરોધી અને અલગતાવાદી એજન્ડા ફેલાવવા માટે કરતો હતો. આ મામલે NIAએ તેની સજા વધારીને મૃત્યુદંડ કરવાની માંગ પણ કરી છે. મલિક પાકિસ્તાનના વડા પ્રધાન, રાષ્ટ્રપતિ, સેનેટરો અને વિવિધ પ્રાંતોના મુખ્યમંત્રીઓના સંપર્કમાં હતો. એજન્સીનું કહેવું છે કે આ સંપર્કો દ્વારા તે જમ્મુ-કાશ્મીરને ભારતથી અલગ કરવા માટે વાતાવરણ બનાવી રહ્યો હતો.

મલિકના સંબંધો હાફિઝ સઈદ અને સૈયદ સલાહુદ્દીન જેવા આતંકવાદીઓ સાથે પણ રહ્યા છે. મલિકે પોતે જમ્મુ-કાશ્મીર લિબરેશન ફ્રન્ટના કમાન્ડર-ઈન-ચીફ હોવાનું જણાવ્યું છે. મલિક સામે ઘણા આરોપ છે.

યાસીન મલિકનું નામ ભારતીય રાજકારણ અને કાશ્મીરના ઈતિહાસમાં અત્યંત વિવાદાસ્પદ રહ્યું છે. એક સમયના સશસ્ત્ર આતંકવાદીથી લઈને અલગતાવાદી નેતા સુધીની તેની સફર અનેક ગંભીર આરોપો અને વિવાદોથી ભરેલી છે.

યાસીન મલિક પર ૨૫ જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ શ્રીનગરમાં ભારતીય વાયુસેનાના ચાર નિઃશસ્ત્ર અધિકારીઓની હત્યા કરવાનો આરોપ છે.

ઉપરાંત, તત્કાલીન કેન્દ્રીય ગૃહમંત્રી મુફ્તી મોહમ્મદ સઈદની પુત્રી રૂબિયા સઈદના અપહરણના કેસમાં પણ યાસીન મલિક મુખ્ય આરોપી છે. આ અપહરણના બદલામાં પાંચ આતંકવાદીઓને છોડાવવામાં આવ્યા હતા,

૧૯૯૦ના દાયકામાં કાશ્મીર ખીણમાંથી કાશ્મીરી પંડિતોને બળજબરીપૂર્વક હાંકી કાઢવા અને તેમની વિરુદ્ધ હિંસા ભડકાવવામાં મલિકના સંગઠન જમ્મુ કાશ્મીર લિબરેશન ફ્રન્ટની મોટી ભૂમિકા હોવાનું મનાય છે. ટેરર ફંડિંગનો મામલો સૌથી વધુ વિવાદાસ્પદ છે.

તે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈ. એસ. આઈ. અને હાફિઝ સઈદ જેવા આતંકવાદીઓ પાસેથી ભંડોળ મેળવતો હતો. આ પૈસાનો ઉપયોગ કાશ્મીરમાં પથ્થરમારો કરાવવા અને ભારતવિરોધી પ્રવૃત્તિઓ ચલાવવા માટે થતો હતો.

મલિકે ઘણી વાર જેલમાં સુવિધાઓ અથવા પોતાના કેસમાં પક્ષ રાખવાની તક ન મળવા બદલ ભૂખ હડતાળ કરી છે, જેને સરકાર અને તપાસ એજન્સીઓ ન્યાયિક પ્રક્રિયામાં અવરોધ ઊભો કરવાનો અને આંતરરાષ્ટ્રીય સ્તરે સહાનુભૂતિ મેળવવાનો 'સ્ટંટ' ગણાવે છે. હાલમાં તે દિલ્હીની તિહાર જેલમાં સજા કાપી રહ્યો છે.

કાશ્મીરમાં આવા બીજા નેતાઓ પણ છે, જેમના સામે આરોપો પણ છે. જો કે યાસીન આ બધામાં સૌથી વધુ ખતરનાક છે.

**રેશનિંગની દુકાને કોલસા મળશે!**

કેન્દ્ર સરકાર આમ તો કહે છે કે રાંધણ ગેસની કોઈ અછત નથી પણ જ્યાં પહેલી વાર ભાજપના મુખ્યમંત્રી આવ્યા છે એ બિહારમાં આશ્ચર્યજનક જાહેરાત થઈ છે. ઈરાન યુદ્ધ અને અન્ય ભૌગોલિક તણાવને કારણે ઊભા થયેલા એલપીજી સંકટને ધ્યાનમાં રાખીને બિહાર સરકારે સામાન્ય જનતા માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે બિહારમાં રેશનકાર્ડધારકોને રેશનની દુકાનો પર રસોઈ માટે કોલસો પૂરો પાડવામાં આવશે.

બિહારના ખાદ્ય સુરક્ષા યોજના સાથે જોડાયેલાં ૨ કરોડથી વધુ પરિવારો આ સુવિધાનો લાભ લઈ શકશે.ગેસની અછતને પહોંચી વળવા વૈકલ્પિક ઈંધણ તરીકે કોલસો આપવાનો નિર્ણય લેવાયો છે.

બિહારમાં એલપીજીની અછતને કારણે બજારમાં કોલસાની માંગ વધી ગઈ છે. હાલમાં લોકો મોંઘા ભાવે અથવા બ્લેકમાં કોલસો ખરીદવા મજબૂર છે. ઝારખંડથી કોલસાની દાણચોરી પણ વધી છે અને તેના ભાવમાં ૩૫ થી ૪૦ ટકાનો વધારો થયો છે. બ્લેક માર્કેટમાં ૫ કિલો કોલસો ૧૦૦ થી ૧૨૦ રૂપિયામાં વેચાઈ રહ્યો છે. હવે રેશનની દુકાનો પર વ્યાજબી ભાવે કોલસો મળવાથી સામાન્ય લોકોને રાહત થશે.

જૂનો યુગ જાણે પાછો ફર્યો છે. ભારતમાં રેશનિંગ સિસ્ટમ દ્વારા કોલસો કે અન્ય બળતણ પૂરું પાડવાની વ્યવસ્થાનો ઈતિહાસ ઘણો જૂનો છે. ૧૯૯૦ના દાયકા સુધી અને તે પહેલાં, પશ્ચિમ બંગાળ અને સંયુક્ત બિહાર (જેમાં અત્યારનું ઝારખંડ સામેલ હતું) માં રેશનની દુકાનો પર એટલે કે રસોઈ માટેનો કોલસો આપવાની વ્યવસ્થા ખૂબ જ સામાન્ય હતી. કોલસાની ખાણો નજીક હોવાને કારણે ત્યાં આ મુખ્ય બળતણ હતું.

ધીરે ધીરે દેશના મોટા ભાગનાં રાજ્યોમાં રસોઈ ગેસની ગેરહાજરીમાં કેરોસીન (ઘાસલેટ) રેશનિંગ કાર્ડ પર આપવાની વ્યવસ્થા મુખ્ય બની ગઈ હતી. પરંતુ 'ઉજ્જવલા યોજના' અને એલપીજીના પ્રસાર બાદ કેરોસીન પરની નિર્ભરતા ઘટાડવામાં આવી.

છેલ્લા કેટલાક દાયકાઓમાં 'કોલસો' રેશનિંગની દુકાનો પરથી લગભગ અદૃશ્ય થઈ ગયો હતો. બિહાર સરકારે અત્યારે જે નિર્ણય લીધો છે તે એક રીતે જૂની વ્યવસ્થાનું પુનરાગમન કહી શકાય.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.*

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## છેતરાયાનો આનંદ

સ્વર્ગીય કાકા સાહેબ કાલેલકરનું પુસ્તક રખડવાનો આનંદ વાંચ્યુને વર્ષો થઈ ગયા. અમે પણ બાળપણથી રખડવાનો આનંદ માળતા આવ્યા છીએ. આજે અહીં રખડવાના આનંદની સાથે 'છેતરાયાનો આનંદ તથા 'લૂટાયાનો આનંદ વિશે વાત કરવી છે. હાલમાં જ અમો જગન્નાથપુરી બનારસ તથા અયોધ્યાની યાત્રા કરી આવ્યા. આ દરેક જગ્યાએ રીક્ષા ચાલક ભાઈઓએ લૂંટવાની એકપણ તક ન ચૂકયાનો અનુભવ કરાવ્યો. નજીકના અંતરે જવા માટે પણ બેથી ત્રણ ગણું ભાડુ માંગવું (હું મારી 83 વર્ષિય માતા સાથે ગયો હતો) જોવા કે ફરવા લાયક સ્થળ લઈ જવાને બદલે શોપીંગમાં લઈ જવા માટે વધુ ઉત્સુક કારણકે કમિશન મળે.

વેઈટીંગ પીરીયડનું બહાનું બનાવી નિર્ધારીત ભાડા કરતાં વધુ રકમ પડાવવી. કલર સાહેબનો દોહો 'લૂંટ શકે તો લૂંટલો' દરેક રીક્ષાવાળા ભાઈઓએ આત્મસાત કરી લીધો હોય તેવુ લાગ્યું. અમારા જેવો અનુભવ લગભગ ઘણાં લોકોને થયો જ હશે એવું માનું છું પણ આનાથી કેવી રીતે બચવું તે તો ખુદ ભગવાન જ જાણે.

**સુરત - ધર્મેશ ટોપીવાલા**

## વેકેશનનો સદ્ઉપયોગ કરો

સ્કૂલો, કોલેજમાં વેકેસનનો માહોલ ગરમીનો અસહય પારો માઝા મુકતો જાય છે. આવા સંજોગોમાં બાળકોને વેકેસનનો સદઉપયોગ કરાવવા કેટલાક નમ્ર સૂચનો. બાળકોની રૂચિ પ્રમાણે ઈતર પ્રવૃત્તિઓ જેવી કે ડ્રોઇંગ, મહેંદી, ગ્લાસ પેઈન્ટીંગ, સંગીત, ક્રિકેટ, પુસ્તકાલય વાંચન વિ. પ્રવૃત્તિઓ પ્રોત્સાહીત કરો. એકાદ દિવસની સવારથી સાંજની નાનો પ્રવાસ ગોઠવો. સાથે વાલીઓને જોડાવા કહો. કોલેજ સ્ટુડન્ટ માટે એન્ડ્રોઇડ કોમ્પ્યુટર કલાસીસ, કોમર્સને લગતા કોષોમાં જોડાવા કહો. રહેઠાણના કોમ્પ્લેક્ષમાં જ નાની નાની હરિફાઈઓનું આયોજન કરો. આ ઉપરાંત ખાસ કરીને છોકરીઓને ગૃહ કાર્ય, જેવી કે રસોઇ, સાફસફાઇ, જૂના પુસ્તકો ગરીબ વિદ્યાર્થીઓને આપો.સારી રસોઇ તથા ઘર સુઘડ રાખવું એ ભારતીય સંસ્કૃતિનું ઘરેણું છે.

**સુરત - દિપક બી. દલાલ**

## શિક્ષણ ક્ષેત્રે અસમાનતા

સાંપ્રત સમયમાં શિક્ષણ એક વેપાર બની ગયું છે. નર્સરી, કે.જી. જેવા કલાસોની વાર્ષિક ફી લાખોમાં હોય છે. તો પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક ધોરણોની તોતિંગ ફી વસૂલતી ખાનગી શાળાઓની તો વાત જ શી કરવી? વળી ચોપડા, સ્વેટર, સ્કૂલ બસ, કયારેક સ્કૂલ બેગ વગેરે પણ વાલીઓ પાસે શાળા પાસે જ લેવડાવવાનો આગ્રહ રાખે છે, કહો કે ફરજ પાડે છે. જે માટે વાલીઓ પાસે હજારો રૂપિયા પડાવાય છે. ડોનેશન કે નવા એડમિશનના નામે પણ મસમોટી રકમ પડાવાય છે. વળી, આજના સ્પર્ધાત્મક યુગમાં પોતાનું બાળક અન્યોથી પાછળ ન રહી જાય, માટે વાલીઓ, દેવા, શૈક્ષણિક લોન લઈને પણ ગજા ઉપરાંતનો ખર્ચ કરે છે. સરકારી શાળામાં સારું શિક્ષણ ન મળે એવા પૂર્વગ્રહને કારણે મફત શિક્ષણ પૂરું પાડતી સારી, સુવિધાયુકત સરકારી શાળાઓ પ્રત્યે ઓરમાયું કે ઉપેક્ષિત વલણ જોવા મળે છે. આજથી ચાળીસ પચાસ વર્ષ પહેલા સરકારી શાળાઓ વિદ્યાર્થીઓથી ભરેલી રહેતી.

જેમાં ગરીબ તવંગર સાથે બેસીને શિક્ષણ લેતા. આજે એ જ વેરાન પડેલી સરકારી શાળાઓ શોપિંગ કોમ્પ્લેકસ કે અન્ય ધંધાકીય બાંધકામોથી દશ્યમાન થાય છે. નેપાળા નવા ચૂંટાયેલા વડાપ્રધાન બલેન શાહે એવો આદેશ જારી કર્યો છે કે જેમાં અધિકારીઓને પોતાના બાળકોને ભણાવવા સરકારી શાળાઓનો ઉપયોગ કરવાની ફરજ પાડવામાં આવી છે.

**સુરત - કલ્પના વિનોદ બામણીયા**

## અંતિમયાત્રા વિશે સમજ

વીતેલા સમયમાં જોઈએ તો ગામડામાં કે શહેરમાં દરેક યુવા-વડીલોને નનામી બાંધવાનું જ્ઞાન હતું. પણ આજે તો કોઈને પણ આ વિશે જ્ઞાન જ નથી, નનામી બાંધતા આવડતું નથી. હવે તો એને માટે પણ અંતિમ સંસ્કાર ઈન્વેટ કરનાર ગ્રુપ મળી રહે છે પણ આ બાબતની સમજ દરેકને હોવી જોઈએ એવું દઢ પણે માનનાર શ્રી કનૈયાલાલ તુનવાલ વિશે અખબારમાં વાંચ્યુ કે જેઓએ રેલવેમાંથી નિવૃત્તિ લીધા બાદ આ કાર્યમાં વધુ સમય ફાળવ્યો છે આજે તો ઘણાં યુવાનો મૃતકને સ્પર્શ કરતાં પણ અચકાય છે ઘણી જગાએ નનામી પણ યોગ્ય રીતે બાંધવામાં નથી આવતી અને ચિંતા પણ બરાબર ગોઠવવામાં નથી આવતા.

આ બાબતનું જ્ઞાન ધરાવતા વડીલો હવે ઓછા થઈ ગયા છે. આવા સમયે શ્રી કનૈયાલાલ જેવા વ્યક્તિ આ બાબતે યુવાઓને શિક્ષિત કરી રહ્યા છે ખરેખર આ પ્રશંસનીય અને અભિનંદનીય કાર્ય ગણાવી શકાય. મેટ્રો પોલીટન શહેરોની જેમ નાના શહેરો અને નગરોમાં પણ અંતિમ સંસ્કાર માટે ઈવેન્ટ કંપનીઓની એન્ટ્રી ન થઈ જાય તેનું ધ્યાન રાખવું જ રહ્યું.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

## મહિલાઓની સુરક્ષાને પ્રાથમિકતા આપો!

દેશના તમામ રાજયોના અનેક શહેરોમાંથી પ્રતિ દિન મહિલાઓની છેડતી, મહિલાઓ સાથે દુવ્યવહાર, મહિલાઓનું અપહરણ અને શોષણની અનેક ઘટનાઓ જોવા અને વાંચવા મળે છે. એક તરફ ભાજપના નેતાઓ મહિલા અનામત બિલ અને મહિલાઓનું સન્માનની મોટી મોટી વાતો જાહેર સભાઓમાં કરતા જોવા મળે છે. પરંતુ જમીની હકીકત કઇ અલગ જ જોવા મળે છે. મહિલા સુરક્ષાને અગ્રિમતા આપી કડક અને મજબુત કાયદા બનાવી તેનું કડકપણે અમલ થાય તેવી વ્યવસ્થાનું નિર્માણ કરવું જરૂરી બન્યું છે.

**સુરત - રાજુ રાવલ**

## બિનહરીફ વિજય

ગુજરાતમાં ચૂંટણીમાં થોડાં વર્ષોથી નવી ફેશન શરૂ થઈ છે. બિનહરીફ વિજય મેળવી લેવાની. સામાન્ય રીતે બિનહરીફ હોવું એટલે કોઈ એવો સક્ષમ ઉમેદવાર કે જેની સામે સર્વ પ્રજા એકમત હોય.એવી વ્યક્તિની સામે કોઈ ઉમેદવાર ઉમેદવારી કરવા તૈયાર જ ન હોય. આવો ઉમેદવાર સ્વચ્છ છબીનો, ઈમાનદાર, ન્યાયપ્રિય, શિક્ષિત, સશક્ત અને લોકચાહના ધરાવતો હોવો જોઈએ. તો બિનહરીફ વિજય એ સાચા અર્થમાં બિનહરીફ ગણી શકાય. પરંતુ અહીં તો ધાકધમકી, દાદાગીરી, બળજબરીથી વિરોધ પક્ષના ઉમેદવારોને લોભ લાલચ આપી કાવાદાવાઓ કરી અને સમગ્ર સત્તાનો ઉપયોગ કરી મજબૂરીમાં ઉમેદવારીપત્ર પાછું ખેંચાવી લેવામાં આવે. પછી બણગાં ફૂંકવામાં આવે, વિકાસના અને પ્રજાના વિશ્વાસના. આનાથી વિશેષ લોકશાહીની હત્યા બીજી કોઈ હોઈ ન શકે. આ ઈમર્જન્સી કરતાં પણ વધારે ખરાબ સમય લોકશાહીના ઈતિહાસમાં ચાલી રહ્યો છે.

**સુરત - કિશોર પટેલ**

## ધોરી માર્ગ પરના બિહામણા ગટર ઢાંકણા

હું જ્યાં રહું છું એ છાપરા રોડ લગભગ ચાર લેન બની ચૂક્યો છે. નવસારી મનપાએ રોડ પર મઝાની શેરી લાઈટો મુકાવી દીધી છે જે રાત્રે સરસ નજારો પેસ કરે છે. પરંતુ રોડનું એક બદસૂરત પાસુ છે રોડ પરનાં બિહામણા ગટર ઢાંકણા - જે ઘણી જગ્યાએ ક્યાં તો રોડની સપાટીથી છ ઇંચ ઉપર ડોકિયા કરતા અથવા તો તૂટીને રોડની સપાટીની અંદર ધસેલા હોય છે. સ્વભાવિક છે, વાહન ચાલકોએ અકસ્માત ટાળવા આ ઢાંકણોનો ખ્યાલ રાખી બાજુએથી રસ્તો કાઢવો પડે છે. હમણાં સુરત ખાતે પણ આવા એક ગટર ઢાંકણા જોડે વાહન અથડાતા અકસ્માત જીવલેણ નીવડયાના સમાચાર હતાં. આપણે ટેક્નોલોજીના યુગમાં જીવી રહ્યા છીએ, સ્માર્ટ શહેરો બનાવવાની વાતો કરીએ છીએ પરંતુ સર્વવ્યાપક આવી એક સામાન્ય સમસ્યાનો ટકાઉ એન્જિનિયરિંગ ઉકેલ મેળવી શકતા નથી.! સરકારી તંત્રમાં બેઠેલા લાગતાવળગતા મહાનુભાવોને મારી નમ્ર અરજ છે કે આ સમસ્યાનો ટકાઉ ઉકેલ શોધી તેનો અમલ કરવામાં આવે.

**નવસારી - કમલેશ આર મોદી**